# રજાના પ્રકારોઃ– ગુજરાત રાજય મુલકી સેવા (રજા) નિયમો–૨૦૦૨ તથા વખત ઠરાવોનુસાર ની જોગવાઈઓ

| ક્રમ | રજાનો પ્રકાર | નિયમ | મળવાપાત્ર રજા | કોને મળવાપાત્ર | વિશેષ વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાપ્ત (હકક ) રજા | ૪૬ | ૩૦ દિવસ પ્રતિ વર્ષ | તમામ ખાતાના કર્મચારીઓ (વેકેશન સિવાયના) | ⇒૧જાન્યુ.અને ૧જુલાઈ અર્ધ વાર્ષિકગાળા માટે ૧૫+૧૫ એમ જમા આપવાની રહે છે.<br>⇒સમગ્ર નોકરી દરમ્યાન ૩૦૦ રજા એકઠી કરી શકાય છે.૩૦૦ થીવધારાની રજા લેપ્સ થાય. અને તેટલી જ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર થઈ શકે છે.<br>⇒માસિક ૨–૧/૨ લેખ જમા કરવાની થાય.<br>⇒ઓછામાં ઓછી ૭ દિવસ અને વધુમાં વધુ ૧૨૦ દિવસ રજા ભોગવી શકાય છે.<br>⇒ આખા વર્ષમાં ત્રણ વાર રજા ભોગવી શકાય છે. મંજૂર કરનાર વિવેકાનુસાર રજા મંજૂર કરી શકે છે.<br>⇒શકય હોય ત્યાં સુધી આ પ્રાપ્તરજા ભોગવતા અટકાવવા નહી. |
| | | ૫૦(૨) | ૩૦ દિવસના સમપ્રમાણમાં | વેકેશન ખાતામાં વેકેશન દરમ્યાન સરકારી કામગીરી જેવી કે ચૂંટણી , મતદાર યાદી, વસ્તી ગણતરી, આર્થિક મોજણી,તાલીમ, અન્ય કામગીરી કરનાર કર્મચારીઓને | ⇒વાર્ષિક ૩૦ દિવસના સમપ્રમાણમાં<br>⇒સમગ્ર નોકરી દરમ્યાન ૩૦૦ રજા એકઠી કરી શકાય છે.૩૦૦ થીવધારાની રજા લેપ્સ થાય. અને તેટલી જ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર થઈ શકે છે.<br>⇒ ઓછામાં ઓછી ૭ દિવસ અને વધુમાં વધુ ૧૨૦ દિવસ રજા ભોગવી શકાય છે.<br>⇒ આખા વર્ષમાં ત્રણ વાર રજા ભોગવી શકાય છે. મંજૂર કરનાર વિવેકાનુસાર રજા મંજૂર કરી શકે છે. |
| ૨ | અર્ધ પગારી રજા | ૫૭(૧) | ૨૦ દિવસ પ્રતિ વર્ષ | તમામ ખાતાના કર્મચારીઓ ને | ⇒૧જાન્યુ.અને ૧જુલાઈ અર્ધ વાર્ષિક ગાળા માટે ૧૦+૧૦ એમ જમા આપવાની રહે છે.<br>⇒અધવચ્ચેનિમણુક,રાજીનામું,નિવૃતપામનારની ૫/૩લેખેઅર્ધવાર્ષિકગાળામાંનજીકનાપૂર્ણદિવસમાં જમા આપવાની રહે છે.<br>⇒અંગત કારણોસર રજા ભોગવી શકાય છે.<br>⇒અર્ધા પગારના દરે પગાર મળવાપાત્ર છે. પગાર અને મોંઘવારી સિવાય ના ભથ્થાઓ નિયમાનુસાર પૂર્ણ મળવાપાત્ર છે.<br>⇒સમગ્ર નોકરી દરમ્યાન ગમે તેટલી રજા એકઠી કરી શકાય છે.<br>⇒૩૦૦ દિવસની રજાનું રોકડમાં રૂપાંતર થઈ શકે છે. |
| ૩ | રૂપાંતરીત રજા | ૫૮ | –– | તમામ ખાતાના કર્મચારીઓ ને | ⇒કર્મચારી ના ખાતે અર્ધપગારી રજા જમા હોય તો મળવાપાત્ર છે.<br>⇒ભોગવેલી રજાની બમણી ઉધારવામાં આવે છે.<br>⇒તબીબી પ્રમાણપત્ર ના આધારે મળવાપાત્ર છે.<br>⇒ ઓછામાં ઓછી ૭ દિવસ તેમજ મંજૂર કરનાર અધિકારી ૭ દિવસ કરતા ઓછી વિવેકાનુસાર રજા મંજૂર કરી શકે છે.<br>⇒જાહેર હિતમાં૯૦ દિવસની રજા મેડીકલ પ્રમાણપત્ર વિના મંજૂર કરી શકાય છે.<br>⇒કુંટુંબના સભ્યોની માંદગી સબબ મેડીકલ પ્રમાણપત્ર આપી રજા ભોગવી શકાય છે.<br>⇒સમગ્ર નોકરી દરમ્યાન ૨૪૦ દિવસની રજા મળવાપાત્ર છે.<br>છે.<br>⇒રજાનો પગાર પ્રાપ્તરજાના દરે પગાર મળવાપાત્ર છે. |

સંકલન :– પી.એન.મેઘાણી

**રજાના પ્રકારોઃ– ગુજરાત રાજય મુલકી સેવા (રજા) નિયમો–૨૦૦૨ તથા વખત ઠરાવોનુસાર ની જોગવાઈઓ**

| ક્રમ | રજાનો પ્રકાર | નિયમ | મળવાપાત્ર રજા | કોને મળવાપાત્ર | વિશેષ વિગત |
|---|---|---|---|---|---|
| ૪ | પ્રસુતિ રજા | ૬૯ | ૧૮૦ દિવસ | તમામ ખાતાના સ્ત્રી કર્મચારીઓ ને (કરાર આધારીત ફિક્સ પગારદાર સહિત) | ⇒સ્ત્રી કર્મચારી રજા અરજી કરે તારીખ અથવા પ્રસુતિની તારીખ બેમાંથી જે વહેલું હોય તે તારીખથી રજા શરૂ થયેલી ગણાશે<br><br>⇒ જેસ્ત્રી કર્મચારીને બે કરતાં વધુ જીવીત હયાત બાળકો ન હોય તેણી ને આ રજા મળવાપાત્ર છે.<br><br>⇒સળંગ નોકરી એક વર્ષ થી વધુ અને બે વર્ષથી ઓછી નોકરી વાળાને ૧૮૦ દિવસ સુધી અર્ધ પગારી રજાના દરે પગાર મળવાપાત્ર છે.<br><br>⇒સળંગ નોકરી બેવર્ષ વધુ નોકરી વાળાને ૧૮૦ દિવસ સુધી પૂરા પગારના દરે પગાર મળવાપાત્ર છે<br><br>⇒આ રજા રજા હિસાબમાં ઉધારવાની રહેશે નહિ.<br><br>⇒પ્રસુતિ રજા સાથે દિવસ– ૬૦ ની મેડીકલ પ્રમાણપત્ર વિના અન્ય રજા જોડી શકાશે. |
| ૫ | પિતૃત્વ રજા | ૭૦ | ૧૫ દિવસ | તમામ ખાતાના પુરૂષ કર્મચારીઓ ( કરાર આધારીત ફિક્સપગારદાર અને એપ્રેન્ટીસ સહિત) | ⇒બે કરતાં ઓછા જીવીત હૈયાત બાળકો ધરાવતા પુરૂષ કર્મચારી મળવાપાત્ર છે.<br><br>⇒૧૮૦ દિવસ ની પ્રસુતિ રજા દરમ્યાન ભોગવી શકાય. આ રજા ,રજા હિસાબમાં ઉધારવાની રહેશે નહીં.<br><br>⇒અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાશે. આ રજા પૂરા પગારે મળવાપાત્ર છે.<br><br>⇒સામાન્ય રીતે આ રજા કોઈ સંજોગોમાં નકારવામાં આવશે નહી. |
| ૬ | બીન જમા રજા | ૫૯ | ૩૬૦ સમગ્ર નોકરી દરમ્યાન | કાયમી કર્મચારીને | ⇒૩૬૦ સમગ્ર નોકરી દરમ્યાન મર્યાદામાં મળે.<br><br>⇒એકી સમયે ૯૦ દિવસથી વધુ નહી.<br><br>⇒અગામી સમયાવધિમાં જે અર્ધ પગારી રજા પ્રાપ્ત કરશેતેની રજા સામે તે રજાના હિસાબમાં બિન જમા રજા ઉધારવામાં આવશે.<br><br>⇒તબીબી પ્રમાણપત્ર સિવાય ૧૮૦ દિવસ સુધીની બધી મળીને રજા મંજૂર કરી શકાશે. |
| | | | | | સંકલન :– પી.એન.મેઘાણી |

**રજાના પ્રકારોઃ– ગુજરાત રાજય મુલકી સેવા (રજા) નિયમો–૨૦૦૨ તથા વખત ઠરાવોનુસાર ની જોગવાઈઓ**

| ક્રમ | રજાનો પ્રકાર | નિયમ | મળવાપાત્ર રજા | કોને મળવાપાત્ર | વિશેષ વિગત |
|---|---|---|---|---|---|
| ૭ | હોસ્પિટલ રજા | ૭૪ | ૯૦ દિવસ | વર્ગ–૪ ના કર્મચારીઓને<br>નશાબંધી અને આબકારી કર્મચારી<br>હેડ કોન્સ્ટેબલ ના નીચેના દરજ્જાના કર્મચારીઓને<br>જંગલ ખાતાના ( કારકૂન સિવાયના) | ⇒અકસમાત કે માંદગીના જોખમ સાથે સંકળાયેલા સીધી રીતે ફરજ અદા કરતા હોય તેને આ રજા મળવાપાત્ર છે<br>.⇒અધિકૃત તબીબી પ્રમાણપત્ર આધારે.<br>⇒પ્રાપ્ત /અર્ધપગારી રજા જેટલો પગાર મળવાપાત્ર રહેશે.<br>⇒અન્ય પ્રકારની રજા સાથે આ રજા જોડી શકાશે, પરંતુ ૨૮ માસ થી વધુ થવો જોઈએ નહી. |
| ૮ | અસાધારણ રજા (કપાતપગારી) | ૬૦ | ૩૬ માસ | તમામ ખાતાના કર્મચારીઓ ને | ⇒જયારે કોઈપણ પ્રકારની રજા જમા ન હોય ત્યારેમળવાપાત્ર છે.<br>⇒બીજા પ્રકારની રજા મળવાપાત્ર હોવા છતાં કર્મચારી લેખિતમાંઅરજી કરેત્યારેરજા મંજૂર કરી શકાય.<br>⇒સમગ્ર નોકરી માં માસ–૩૬ થી વધુ નહી એટલી અસાધારણ રજા મંજૂર કરી શકાશે.<br>⇒ અપવાદ ના કિસ્સામાં નિયમાનુસાર વિવિધ જોગવાઈઓ મુજબ નવ માસ, બાર માસ, પંદર માસ થી વધુની સળંગ અસાધારણ રજા મંજૂર કરી શકાશે નહી.<br>⇒ બે અસાધારણ ગાળાઓ આવેલ વેકેશન કે અન્ય કોઈ પ્રકારની રજા ને એક સળંગ અસાધારણ રજા ના ગાળા તરીકે ગણવામાં આવશે.<br>⇒રજા વિનાની ગેરહાજરી ને મંજૂર કરનાર અધિકારી પાછળની અસરથી અસાધારણ રજા માં પરિવર્તન કરી શકશે.<br>⇒ આ રજા દરમ્યાન પગાર અને મોંઘવારી સિવાય ના અન્ય ભથ્થાઓ નિયમાનુસાર મળશે. |
| ૯ | ક્ષય/કેન્સર/કુષ્ઠ રોગ રજા | ૭૬ | – | તમામ ખાતાના કર્મચારીઓ ને | ⇒આરોગય અને પરીવાર કલ્યાણ વિભાગ દવારા નિયત કરાયેલ વખતો વખત સુધારેલ સવલતો મુજબ |
| ૧૦ | કસુવાવડ/ગર્ભપાત રજા | ૭૧ | ૪૫ દિવસ | તમામ ખાતાના સ્ત્રી કર્મચારીઓ | ⇒બેકે વધુ જીવીત બાળકો ન હોય તે સ્ત્રી કર્મચારી<br>⇒ કસુવાવડ/ગર્ભપાત સમગ્ર નોકરી દરમ્યાન ૪૫ દિવસ કરતા વધુ નહી એટલી પ્રસુતિરજા ના હકકદાર થશે.<br>⇒ બેકે વધુ જીવીત બાળકો હોય તે સ્ત્રી કર્મચારી ગર્ભપાત ની પ્રસુતિ રજા મળી શકશે નહી.<br>⇒એક જ બાળક હોય અથવા બાળક ન હોય અને અરજી ના સમર્થનમાં તબીબી પ્રમાણપત્ર સામેલ કરે તો ગર્ભપાતના કિસ્સા માટે સાત કામકાજના દિવસો કરતાં વધુ નહી એટલી પ્રસુતિ રજા મંજૂર કરી શકાશે.<br>⇒આ રજા મહિલા કર્મચારીના રજા હિસાબમાં ઉધારવામાં આવશે નહી.<br>⇒ ગર્ભપાતના કિસ્સામાં પ્રસુતિરજા પાંચ વર્ષમા ફકત એકવાર મંજૂર કરી શકાશે. |

સંકલન :– પી.એન.મેઘાણી

## રજાના પ્રકારોઃ– ગુજરાત રાજય મુલકી સેવા (રજા) નિયમો–૨૦૦૨ તથા વખત ઠરાવોનુસાર ની જોગવાઈઓ